

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-22 ■ અંક-10 ■ તા. 04-03-2018 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


### સાબરમતી જેલમાં ન્યાયાધીશ દ્વારા મહત્વનો હુકમ

# ત્રાસવાદી તૌકીરને ૨૦ દિનના પોલીસ રિમાન્ડ ઉપર સોંપાયો

## તૌકીરને સાથે રાખી ગુજરાતના અનેક સ્થળોએ અને અન્ય રાજયમાં તપાસ માટે જવાનું હોવાથી વધુ રિમાન્ડની માંગ

અમદાવાદ,

જૂલાઇ-૨૦૦૮માં અમદાવાદ શહેરમાં ૨૦થી વધુ જુદી જુદી જગ્યાઓ પર થયેલા શ્રેણીબધ્ધ બોંબ વિસ્ફોટના ચકચારભર્યા આંતકવાદી હુમલાની ઘટનામાં મોસ્ટ વોન્ટેડ આંતકવાદી અને ક્રાઈમબ્રાંચ દ્વારા અમદાવાદ લવાયેલા આરોપી અબ્દુલ સુભાન કુરૈશી ઉર્ફે કાસીમ ઉર્ફે જાકીર ઉર્ફે કબ તૌકિર હાજી ઉસ્માન કુરૈશીને આજે લોખંડી જાપ્તા વચ્ચે સાબરમતી સેન્ટ્રલ જેલમાં ખાસ અદાલતમાં રજૂ કરવામાં આવ્યો હતો. જયાં ન્યાયાધીશ પી.કે.લોટિયાએ આંતકવાદી અબ્દુલસુભાન તૌકીરને ૨૦ દિવસના પોલીસ રિમાન્ડ પર સોંપવા હુકમ કર્યો હતો. ક્રાઈમબ્રાંચના અધિકારીઓએ અનોલફુલ એકટીવીટીઝ એકટ હેઠળ આંતકવાદી તૌકીરના ૩૦ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. જો કે, કોર્ટે આંતકવાદી તૌકીરના ૨૦ દિવસના પોલીસ રિમાન્ડ આપ્યા હતા, જે ઘણા દિવસના અને મહત્વના મનાઇ રહ્યા છે. શહેર ક્રાઈમબ્રાંચના અધિકારીઓએ આજે લોખંડી જાપ્તા સાથે આંતકવાદી અબ્દુલસુભાન તૌકીરને સાબરમતી જેલમાં ખાસ અદાલતમાં રજૂ કર્યો હતો. જેમાં સ્પેશ્યલ પબ્લીક પ્રોસીકયુટર સુધીર બી.બ્રહ્મભટ્ટે આતંકવાદી તૌકીરના ૩૦ દિવસના રિમાન્ડની માંગણી કરતાં જણાવ્યું હતું કે, આરોપી તૌકીર પ્રતિબંધિત આંતકવાદી સીમી અને ઈન્ડિયન મુજાહીદ્દીનનો સક્રિય સભ્ય છે અને પોતે રીઢો ગુનેગાર હોવાથી તપાસમાં સાથ સહકાર આપતો નથી. આરોપી તૌકીર અને આ આંતકવાદી સંગઠનના અન્ય સભ્યો એવા આરોપીએ દેશમાં જુદા જુદા રાજયોમાં બોંબ બ્લાસ્ટ કરી આંતકવાદ ફેલાવ્યો છે, તેની તપાસ કરી મહત્વની વિગતો જાણવાની છે તે માટે આરોપીની પોલીસ કસ્ટડી જરૂર છે. શહેરના સિરિયલ બ્લાસ્ટ કેસમાં મુખ્ય ભૂમિકા ભજવનાર રિયાઝ ભટકલ અને ઈકબાલ ભટકલના સંપર્કમાં રહી તૌકીરે બોંબ બ્લાસ્ટના ગુનાને અંજામ આપ્યો છે તેથી તે ગુના વિશે પણ આરોપીની પાસેથી માહિતી મેળવવાની છે, આંતકવાદી અબ્દુલ સુભાન કુરૈશીએ સીમી દ્વારા આયોજિત કેરાલાના વાઘોમન કેમ્પમાં ડિસેમ્બર-૨૦૦૭માં અને જાન્યુઆરી-૨૦૦૮માં હાલોલ-પાવાગઢના જંગલોમાં થયેલ આંતકવાદી તાલીમ કેમ્પોમાં ભાગ લીધો હતો. તેણે ત્યાં જેહાદી ભાષણો પણ આપ્યા હતા. તેથી આ કેમ્પની જગ્યાઓનું તૌકીરને સાથે રાખી રિકન્સ્ટ્રકશન કરવાનું છે, આરોપીએ કોની મદદથી અને સહારાથી નાણાં અને વિસ્ફોટક સામગ્રી અને બોંબ બનાવવાનું મટીરીયલ્સ મેળવી અન્ય આરોપીઓ સુધી પહોંચાડાયુ હતુ તેની જાણકારી મેળવવાની છે, આંતકવાદી તૌકીર બ્લાસ્ટ અગાઉ અમદાવાદમાં અનેક વખત આવ્યો છે અને અગાઉ અબુબશર મુફતી અને કયામુદ્દીન કાપડિયા સાથે વટવા વિસ્તારમાં મકાન ભાડે રાખી રોકાયો હતો અને દોરી સંચાર કરી ગુનાને અંજામ આપ્યો હતો, તે અંગે પૂછપરછ કરવાની છે, સિરિયલ બ્લાસ્ટના કાવતરા માટે આરોપી અમદાવાદમાં દાણીલીમડા, ભરૂચમાં શેરપુરા ખાતે ભાડે મકાન રાખી રોકાયો હતો તે સંબંધી વિગતો જાણવાની છે, સિરિયલ બ્સાસ્ટ બાદ આંતકવાદી તૌકીર અન્ય આરોપીઓ સાથે બિહાર અને બાદમાં નેપાળ અને પછી પાકિસ્તાન જતો રહ્યો હતો, તેથી તેને સાથે રાખી બિહાર, કેરાલા સહિતના રાજયોમાં તપાસ કરવા જવાનું હોઇ તેની પોલીસ કસ્ટડી જરૂરી છે. આરોપી ખૂબ ભણેલોગણેલો અનએ આટલા લાંબા સમય સુધી ભાગેડુ હોવાછતાં પોતાની ઓળખ કેવીરીતે છુપાવવી તેમાં પાવરધો હોવાથી ગુનાખોરીની વાતોથી જાણકાર અને રીઢો છે, તેથી ખૂબ જ સંવેદનશીલ એવા આ કેસની તપાસ માટે આંતકવાદી અબ્દુલસુભઆન તૌકીરને ગુજરાત રાજયમાં તેમ જ દેશના અન્ય રાજયોમાં સાથે રાખી તપાસ કરવા જવાનું હોવાથી ન્યાયના હિતમાં તેના પૂરતા રિમાન્ડ મંજૂર કરવા જોઇએ. ક્રાઈમબ્રાંચની રિમાન્ડ અરજી ધ્યાને લઇ કોર્ટે આંતકવાદી અબ્દુલસુભાન તૌકીરને ૨૦ દિવસના પોલીસ રિમાન્ડ પર સોંપ્યો હતો.

### હજુ ઘણી શાળાઓએ હોલ ટિકિટ ન આપી

# બોર્ડ પરીક્ષા : કુલ ૧૭.૧૫ લાખ વિદ્યાર્થી નોંધાઈ ગયા

## ૧૨મી માર્ચથી બોર્ડની પરીક્ષાનો વિધિવતરીતે શુભારંભ

અમદાવાદ,

બોર્ડની પરીક્ષા આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે હજુ કેટલીક શાળાઓની ઉદાસીનતા જોવા મળી રહી છે. હોલ ટિકિટને લઇને ઉદાસીનતાના લીધે વિદ્યાર્થીઓ પરેશાન થયેલા છે. મોટાભાગની શાળાઓએ વિદ્યાર્થીઓને હોલ ટિકિટ આપી દીધી છે. સંચાલકો સાથે પણ મોડેથી બેઠકો યોજાઈ હોવાની માહિતી મળી છે. આ વખતે ગુજરાતભરમાં ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની પરીક્ષામાં ૧૭.૧૫ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા છે. ખાનગી શાળા સંચાલક મંડળે આ બાબતે વિદ્યાર્થીઓની હોલ ટિકિટ લેવા શિક્ષણાધિકારી કચેરીએ જવાની ના પાડતા મામલે ગરમાયો છે. હોલ ટિકિટનું વિતરણ શરૂ થઈ ગયું છે. ત્યારે આ ઘર્ષણના મુદ્દે વિદ્યાર્થીઓ અટવાયા છે. અમદાવાદ રાજકોટ સુરત વડોદરાની કેટલીક શાળાઓ આજે છેલ્લા દિવસે કચેરીમાંથી હોલ ટિકિટ મેળવી લે તેના માટે પ્રયત્ન હાથ ધરાયા છે. આ અંગે જિલ્લા શિક્ષણાધિકારી નવનીત મહેતાએ જણાવ્યું હતું કે ગુરુવારે મોટાભાગની શાળાઓએ હાલ ટિકિટ મેળવી લીધી છે. બોર્ડના વિદ્યાર્થીઓ ચિંતા વગર પોતાની તૈયારી કરે. કોઈપણ પ્રકારનો હાઉ રાખે નહીં બોર્ડના વિદ્યાર્થીઓને વિવિધ પરિસ્થિતિ પ્રમાણે તમામ સગવડો પૂરી પાડવામાં આવશે. કેટલીક ગ્રામ્ય અને જિલ્લા કક્ષાની શાળાઓમાં ૧લીથી તેનું વિતરણ શરૂ પણ કરી દેવાયું છે. સરકાર દ્વારા કટ ઓફ ફી જાહેર કરવામાં આવી છે તે શાળા સંચાલકોને મંજૂર નથી સૂત્રોના જણાવ્યા અનુસાર ૧૦મી પહેલા સરકારે જાહેર કરેલી કટ ઓફ ફીના વિરોધમાં સુપ્રીમ જવા માટેની તૈયારી સંચાલકો કરી રહ્યા છે. શિક્ષણ વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર આજે ખાનગી શાળા સંચાલકો સાથે એક મિટિંગ કરાશે અને વિદ્યાર્થીઓના હિતમાં હોલ ટિકિટના પ્રશ્નનું નિરાકરણ લાવવાનો પ્રયાસ કરાશે. જે શાળા સંચાલકોએ હોલ ટિકિટ લેવાની ના પાડી છે તેમને રિપોર્ટ સરકારમાં મોકલવામાં આવ્યો છે. આ અંગે વિભાગ માર્ગદર્શનની રાહમાં છે. સરકાર આ અંગે આખી નિર્ણય લેશે તે પહેલા આજે અને સોમવારે શાળા સંચાલકોને સમજાવવાનો પ્રયત્ન હાથ ધરાશે. રાજયભરમાં કુલ ૧૭.૧૫ લાખ વિદ્યાર્થીઓ ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા માટે રજિસ્ટર્ડ થયા છે.

### રેલવે સ્ટેશનને બોંબથી ઉડાવી દેવાની ધમકી આપનાર ઝડપાયો

અમદાવાદ,

અમદાવાદ રેલવે સ્ટેશનને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતો ફોન કરનાર પ્રતાપ નામના એક યુવકની પોલીસે ધરપકડ કરી છે. તેમજ યુવકની ધરપકડ બાદ આ ફેક કોલ હોવાનુ સામે આવ્યુ છે. પ્રતાપ નામના આ યુવકે પાટણ રેલવે પોલીસને ફોન કરીને અમદાવાદ રેલવે સ્ટેશન ઉડાવી દેવાની ધમકી આપી હતી. આ અંગે પાટણ પોલીસ દ્વારા અમદાવાદ રેલવે પોલીસને જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ રેલવે પોલીસે તપાસ હાથ ધરીને મોબાઈલ લોકેશનના આધારે યુવકની ભાળ મેળવી હતી. આ યુવક સિદ્ધપુરથી અમદાવાદ ટ્રેનમાં આવી રહ્યો હતો તે દરમિયાન પોલીસે તેની ધરપકડ કરી હતી. પોલીસ તપાસમાં યુવકનુ નામ પ્રતાપ હોવાનુ સામે આવ્યુ છે.

### આવાસ યોજના કૌભાંડની સીબીઆઈ તપાસની માંગ

વડોદરા,

વડોદરા શહેરમાં મુખ્યમંત્રી આવાસ યોજનામાં ૧૩ હજારથી વધુનુ કૌભાંડ થયુ હોવાના આક્ષેપ વચ્ચે શહેરની એક સંસ્થાએ વડાપ્રધાનને પત્ર લખી યોજના તત્કાલ બંધ કરી કૌભાંડની સીબીઆઈ તપાસની માંગ કરી છે. સંસ્થા દ્વારા આ અંગેનો પત્ર વડાપ્રધાન સુધી પહોંચાડવા કલેક્ટરને સુપ્રત કરાયો હતો. આ પત્રામાં જણાવાયુ છે કે, શહેરમાં પ્રાઈમ લોકેશનની ૮૬,૬૦,૦૦૦ સ્કવેર ફુટ જમીન આવાસ યોજનાના નામે બિલ્ડરોને પધરાવી દેવામાં આવી છે. બિલ્ડરો, ઉચ્ચ અધિકારીઓ, ધારાસભ્યો અને સ્થાનિક રાજકારણીઓએ મળી આવાસ યોજનામાં ૧૩ હજાર કરોડથી વધુનુ કૌભાંડ કર્યુ છે. જેથી આ યોજના તાત્કાલિક ધોરણે બંધ કરવામાં આવે.તેમજ આ સમગ્ર કૌભાંડની સીબીઆઈ તપાસ કરવામાં આવે. આ પત્ર બાદ સરકાર દ્વારા ગુજરાતના અર્બન ડેવલોપમેન્ટ મિશનના શહેરી વિકાસ વિભાગના મુખ્ય સેક્રેટરી મુકેશ પુરીને આ તપાસ સોંપાઈ છે.



હોળી પર્વ નિમિતે અમદાવાદના મણિનગર સ્વામિનારાયણ મંદિર સંકુલમાં વિવિધ પુષ્પો અને સૂકા રંગોથી આયોજિત ફુલદોત્સવ માં આચાર્ય સ્વામી પુર્ષોત્તમપ્રિયદાસ માહતાજની નિશ્રામાં મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડયા હતા.

### ટોમેટો, ગોબર અને કાદવ-કીચ્ચડમાં લોકો રંગાયા

# અમદાવાદ સહિત ગુજરાતમાં હોળી-ધૂળેટીની થયેલ ઉજવણી

## રેઈન ડાન્સ, ડીજેના તાલે ઝુમી યુવા હૈયાઓએ ધૂળેટીની બિન્દાસ્ત ઉજવણી કરી : બધા મંદિરોમાં વિશેષ રંગોત્સવ

અમદાવાદ,

અમદાવાદ શહેર સહિત રાજયભરમાં પ્રજાજનોએ ખાસ કરીને યંગસ્ટર્સે હોળી-ધૂળેટીના પર્વની ભારે હર્ષોલ્લાસ અને મોજમસ્તી અને ધમાચકડી સાથે ઉજવણી કરી હતી. આ વખતે પાણી બચાવવાના અને ઈકો ફ્રેન્ડલીના અનોખા કન્સેપ્ટ સાથે હોળી-ધૂળેટીના તહેવારની ઉજવણી કરવામાં આવી હતી. અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત સહિતના શહેરોમાં તો યંગસ્ટર્સે હોળીની જોરદાર અને ધમાકેદાર ઉજવણી કરી હતી. અમદાવાદમાં સ્પેનની થીમ પર આધારિત હોળી, ગોબરની હોળી અને રંગોની હોળી ઉજવાઇ હતી તો, રાજકોટ, સુરત અને વડોદરામાં ટોમેટો, કાદવ-કીચ્ચડ અને હોળીની રાખથી હોળીની અનોખી ઉજવણી કરાઇ હતી. ધૂળેટીના તહેવાર દરમ્યાન યંગસ્ટર્સ યુવક-યુવતીઓ ડીજેના તાલે ઝુમી મસ્તીમાં રંગોના રંગમાં રંગાયેલા જોવા મળતા હતા. હોળી-ધૂળેટીના તહેવારની હર્ષોલ્લાસ અને મસ્તીભરી ઉજવણી સાથે વેરભાવ ભૂલી પ્રેમ-શાંતિ અપનાવી ખુશીઓથી જીવન મહેકતું કરવાનો અનોખો સંદેશો પણ ફેલાવાયો હતો. ગઈકાલે ધૂળેટીના તહેવારને લઇ શહેરના સુપ્રસિધ્ધ જગન્નાથજી મંદિર, સોલા ભાગવત વિદ્યાપીઠ રસારાજમંદિર, ભાડજ સ્થિત રાધામાધવ મંદિર, ઈસ્કોન મંદિર સહિતના મંદિરોમાં ધૂળેટીના પર્વની રંગબેરંગી અને ભકિતસભર ઉજવણી કરવામાં આવી હતી. જમાલપુર સ્થિત જગન્નાથજી મંદિરમાં ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઇ બલરામના વિશેષ સાજ-શણગાર કરવામાં આવ્યા હતા અને રંગોત્સવ પર્વ મનાવાયું હતુ તો, ભાડજ સ્થિત રાધામાધવ મંદિરમાં ગૌરપૂર્ણિમાનો સુંદર રંગોત્સવ ઉજવાયો હતો. તો ડાકોર, દ્વારકા, શામળાજી, અંબાજી સહિતના યાત્રાધામોમાં પણ શ્રધ્ધાળુ ભકતોએ દર્શન કરી ભારે ધન્યતા અનુભવી હતી. દ્વારકામાં ફુલડોલ ઉત્સવમાં લાખો ભકતો રંગોના રસમાં ઝુમ્યા હતા. ધૂળેટીના પર્વને લઇ રાજયભરના તમામ મંદિરોમાં દેવી-દેવતાઓના વિશેષ સાજ-શણગાર અને રંગેબરંગી રંગોથી છવાયેલા આકર્ષણો જમાવવામાં આવ્યા હતા., જેને લઇ ભકતો પણ ભકિતના રંગમાં રંગાયા હતા. હોળી-ધૂળેટીના તહેવારને લઇ રાજયભરમાં પ્રજાજનોમાં ઘણો સારો ઉત્સાહ અને આનંદ જોવા મળ્યો હતો. હોળીના પર્વ નિમિતે હોલિકાદહન અને ધાર્મિક આસ્થાની પરિપૂર્તિ બાદ ગઇકાલે ધૂળેટીના દિવસે અમદાવાદ શહેર સહિત રાજયભરમાં રંગબેરંગી રંગોનો માહોલ છવાયો હતો. અમદાવાદમાં કલબોમાં આ વખતે પાણી બચાવોના સંદેશા સાથે અનોખી રીતે હોળી ઉજવાઇ હતી, તો એસજી હાઈવે પર સ્પેનની થીમ પર આધારિત ટોમેટો હોળી અને શાંતિપુરા ચોકડી પાસે બંસી ગૌશાળા ખાતે ગોબર હોળીનું અનોખુ આયોજન કરવામાં આવ્યું હતું. જયાં ટામેટાના રંગમાં યંગસ્ટર્સ રંગાયા હતા, તો ગોબર હોળીમાં ગાયના છાણ, લીમડાના પાણી અને હોળીની રાખના મિશ્રણથી હોળી રમવામાં આવી હતી અને આર્યુવેદિક દ્રષ્ટિએ શરીર માટે સ્વાસ્થ્યપ્રદ હોળી ખેલવામાં આવી હતી. તો, રાજકોટ અને સુરતમાં લોકો કાદવ-કીચ્ચડમાં આળોટીને અને એકબીજાને કાદવ લગાડીને હોળીની મોજમસ્તી માણી હતી, વડોદરા પણ ધૂળેટીના તહેવારને લઇ રંગબેરંગી રંગમાં રંગાયુ હતું. વળી, વલ્લભ વિદ્યાનગર ખાતે કેટલાક યુવકોએ ગાયના છાણ અને માટીથી એક કુંડ બનાવી તેમાં કાદવ-કીચ્ચડ અને હોળીની રાખવાળુ પાણી મિશ્રિત કરી તેમાં એકબીજાને નાંખી, આળોટી અને એકમેકને ગાલ પર કાદવ લગાવી હોળીની અનોખી ઉજવણી કરી હતી અને પાણી બચાવો સાથે આરોગ્યપ્રદ સંદેશો આપ્યો હતો.

ધૂળેટીના પર્વને લઇ અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા સહિતના શહેરોમાં કલબો, વોટર પાર્ક સહિતના સ્થળોએ રેઈન ડાન્સની મસ્તી, ડીજેના તાલ, મડ મસ્તી, રંગોની હોળી સહિતની અનોખી ઉજવણી સાથે યંગસ્ટર્સ રંગોના તહેવારમાં જાણે ખોવાયા હતા. સૌકોઇના ચહેરા રંગબેરંગી રંગો, કાદવ, ગોબર સહિતની નીતનવી ચીજવસ્તુઓથી રંગાયેલા નજરે પડતા હતા. રંગોની હોળીની સાથે સાથે કેટલાક ધાર્મિક સ્થાનો સહિતના સ્થળોએ ફુલો અને ફુલોની પાંખડીઓથી ઈકો ફ્રેન્ડલીની સુંદર ઉજવણી કરવામાં આવી હતી. પ્રેમ અને ખુશીનો સંદેશો આપતી હોળી-ધૂળેટીનો તહેવાર લોકોએ સાચા અર્થમાં માણી બતાવ્યો હતો.

### ભદ્ર આસપાસના દબાણોથી દર્શને આવતા લોકો પરેશાન

અમદાવાદ,

અમદાવાદના નગરદેવી માં ભદ્રકાળીના દર્શને અનેક ભક્તો દૂરસુદુરથી આવે છે. પરંતુ મહાનગરપાલિકાના અણઘડ આયોજન અને વહિવટના પાપે મંદિરની આસપાસ દબાણનુ સામ્રાજય છવાયેલુ છે. પરિણામે માના દર્શને આવતા ભાવિભક્તો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. આ મામલે મંદિરના વ્યવસ્થાપકો દ્વારા મનપાને અનેક વખત રજુઆત પણ કરવામાં આવી છે. પરંતુ આ રજુઆતો જાણે કે તંત્રના બહેરા કાને અથડાઈ છે. કર્ણાવતી નગરીની સ્થાપનાથી જ નગરદેવી માં ભદ્રકાળીના દર્શને અમદાવાદ ઉપરાંત રાજયભરના શ્રદ્ધાળુઓ આવે છે. પરંતુ અમદાવાદને શાંઘાઈ જેવુ બનાવવાનુ સપનુ જોતા મહાનગરપાલિકાના અણઘડ વહિવટને કારણે ભાવિકો માંના દર્શને આવવામાં પણ હાલાકી ભોગવી રહ્યા છે. કેમકે મંદિર સુધી જતા રસ્તાઓ પર ઠેર ઠેર છવાયુ છે દબાણનું સામ્રાજ્ય. મનપાએ ભદ્ર પ્લાઝા પ્રોજેક્ટ અંતર્ગત ભદ્ર વિસ્તારની કાયાપલટ તો કરી, પરંતુ ટ્રાફિક અને દબાણની સ્થિતિ પૂર્વવત જ છે. પ્રોજેક્ટ અંતર્ગત મંદિરનો પટાંગણ નાનો કરી દેવાયો. એટલુ જ નહીં પાથરણાવાળાઓએ મંદિર સુધી પથારા પાથર્યા છે. તો રાત્રે પણ મંદિર નજીક નોનવેજની લારીઓ ખડકાઈ જાય છે.



ધુળેટી પર્વ નિમિતે અમદાવાદમાં વસતા મારવાડી-માહેશ્વરી સમાજના લોકોએ શહેરમાં જંગી સરઘસ કાઢ્યું હતું. વિવિધ વિસ્તારોમાં ફરેલા આ સરઘસમાં હોળીના રંગોથી રંગાયેલા અને સંગીતના તાલે ઝૂમી રહેલા ઘેરૈયાઓએ સૌકોઈનું ધ્યાન આકર્ષિત કર્યુ હતું.

### નાગાલેન્ડમાં ભાજપે ૩૧ સીટો જીતીને જોરદાર સપાટો બોલાવ્યો

# મોદી મેજિક : નાગાલેન્ડ અને ત્રિપુરા ભાજપની ભવ્ય જીત

## ત્રિપુરામાં છેલ્લા ૨૫ વર્ષથી ચાલતા ડાબેરીઓના શાસનનો અંત : સીપીએમને માત્ર ૧૬ સીટો : મેઘાલયમાં ભાજપ, કોંગ્રેસ અને એનપીપીની વચ્ચે ટક્કર

નવીદિલ્હી,

પૂર્વોત્તરના ત્રણ રાજ્યો ત્રિપુરા, મેઘાલય અને નાગાલેન્ડમાં ભાજપે શાનદાર દેખાવ કરીને સાબિતી આપી હતી છે કે હવે આ પાર્ટી કોઈ હિન્દુ પટ્ટાની પાર્ટી રહી નથી. દેશભરમાં આ પાર્ટીને હવે લોકો સ્વીકારી રહ્યા છે. મેઘાલય, નાગાલેન્ડ અને ત્રિપુરાની પ્રજાએ ગુડ ગવર્નન્સ એજન્ડા અને એક્ટ ઈસ્ટ પોલિસીનું સમર્થન કર્યું હોવાના સંકેત મળી રહ્યા છે. ત્રણ રાજ્યોમાં મતગણતરીની શરૂઆત થયા બાદ આજે ભાજપે તમામને ચોંકાવી દીધા હતા. એકબાજુ ત્રિપુરામાં ભાજપે જોરદાર સપાટો બોલાવ્યો છે અને અહીં ૬૦ પૈકી ૫૯ સીટ માટે થયેલા મતદાનમાં૪૩ સીટો પર સપાટો બોલાવીને તમામને ચોંકાવી દીધા છે જ્યારે માણિક સરકારના નેતૃત્વમાં સીપીએમને માત્ર ૧૬ સીટોથી સંતોષ માનવાની ફરજ પડી છે. ત્રિપુરાના લાલ કિલ્લામાં ભાજપે ગાબડા પાડી દીધા છે. છેલ્લા ૨૫ વર્ષથી ચાલતા ડાબેરીઓના શાસનનો અહીં અંત આવી ગયો છે. પૂર્વોત્તરના આ રાજ્યમાં સત્તા મેળવી ભાજપે ઈતિહાસ સર્જ્યો છે. બીજી બાજુ નાગાલેન્ડમાં પણ ભારતીય જનતા પાર્ટીએ જોરદાર દેખાવ કરીને ૩૧ સીટ ઉપર જીત મેળવીને બહુમતિ આંકડો મેળવી લીધો છે. અહીં એનપીએફને ૨૫ સીટો મળી છે અને તે બીજા નંબરની પાર્ટી રહી છે. કોંગ્રેસ પાર્ટીની હાલત ત્રિપુરામાં ખુબ જ કફોડી બની છે. બીજી બાજુ મેઘાલયમાં ભારે સસ્પેન્સની સ્થિતિ રહી છે. મેઘાલયમાં કોંગ્રેસને ૨૧ અને એનપીપીને ૧૯ સીટો મળી છે અને ભારે સસ્પેન્સની સ્થિતિ છે. મેઘાલયમાં કોણ સરકાર બનાવશે તેને લઈને રાજકીય ગતિવિધિ તીવ્ર બની ગઈ છે. અહીં કોંગ્રેસ, ભાજપ અને એનપીપી વચ્ચે સીધી ટક્કર દેખાઈ રહી છે. ભાજપે મેઘાલયમાં પણ એનપીપીનો સંપર્ક કર્યો હોવાના અહેવાલ મળ્યા છે. મેઘાલયમાં પણ કોંગ્રેસને મોટો ફટકો પડ્યો છે. નાગાલેન્ડ અને મેઘાલયમાં વિધાનસભાની ચૂટણી અગાઉ સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચ ૨૭મી ફેબ્રુઆરીના દિવસે ઉંચુ મતદાન થયુ હતુ. ઉંચુ મતદાન થયા બાદ આજે મતગણતરી શરૂ થઇ હતી. ૨૭મીએ નાગાલેન્ડ અને મેઘાલયમાં એકંદરે શાંતિપૂર્ણરીતે મતદાન પૂર્ણ થયું હતું. બંને રાજ્યોમાં ઉંચા મતદાન બાદ ઉત્સુકતા વધી ગઈ હતી. એકબાજુ મેઘાલયમાં ૬૭ ટકાથી વધુ મતદાન થયું હતુ જ્યારે નાગાલેન્ડમાં ૭૫ ટકાથી પણ વધુ મતદાન થયું હતુ. ડેપ્યુટી ઈલેક્શન કમિશનર સુદીપ જૈને કહ્યું હતુ કે નાગાલેન્ડમાં ૭૫ ટકાથી ઉપર મતદાન થયું હતુ. નાગાલેન્ડમાં હિંસાના છુટાછવાયા બનાવ બન્યા હતા. ક્રૂડ બોંબ ઝીંકવાના બનાવમા એકને ઈજા થઇ હતી. ગોળીબારના બનાવમાં અન્ય એકને ઈજા થઇ હતી. બે મતદાન મથકો પર ઈવીએમને નુકસાન પહોંચાડવાના બનાવો બન્યા હતા. અગાઉ મતદાન શરૂ થયા બાદ શરૂઆતમાં જ કેટલીક જગ્યાએ બન્ને રાજ્યોમાં ઉંચુ મતદાન થયુ હતુ. કેટલીક જગ્યાએ મતદાન મથકો પર શરૂમાં જ લાંબી લાઈન જોવા મળી હતી. મેઘાલયમાં ૩૭૦ ઉમેદવારો અને નાગાલેન્ડમાં ૧૯૫ ઉમેદવારોના ભાવિનો આજે ફેંસલો થયો છે. મતદાનના દિવસે તમામ મતદાન મથકો પર લાંબી લાઈન જોવા મળતા ઉંચા મતદાનની અપેક્ષા શરૂઆતથી જ દેખાઇ રહી હતી. બન્ને રાજ્યોમાં મતદાનને લઈને તમામ તૈયારી પહેલાથી જ કરી લેવામાં આવી હતી. આ બન્ને રાજ્યોમા સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે મતદાન યોજા હતું. ઉત્તરપૂર્વીય રાજ્યોમાં પોતાની તાકાતને વધારી દેવા માટે આ વખતે ભાજપે તમામ તાકાત લગાવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ પ્રમુખ અમિત શાહે જોરદાર પ્રચાર કર્યો હતો. નાગાલેન્ડમાં ૧૯૫ ઉમેદવારોના ભાવિ મતદાન શરૂ થયા બાદ ઈવીએમમાં સીલ તઈ ગયા હતા. આજે તમામ ઉમેદવારોના ભાવિનો ફેંસલો થયો હતો. નાગાલેન્ડમાં અડધાથી વધારે કરોડપતિ ઉમેદવારો રહ્યા છે. રાજ્યમાં કુલ મતદારોની સંખ્યા ૧૧૮૯૨૬૪ નોંધાઇ હતી. જે પૈકી ૭૫ ટકા મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. રાજ્યમાં શાંતિપૂર્ણ મતદાનની ખાતરી કરવા માટે તમામ પગલા લેવામાં આવ્યા હતા. રાજ્યમાં ૫૫૦ મતદાન કેન્દ્ર સ્થાપિત કરવામાં આવ્યા બાદ અહીં સઘન સુરક્ષા વચ્ચે મતદાન યોજાયું હતું. તમામ મથકો પર પુરતી સંખ્યામાં જવાનો ગોઠવી દેવામાં આવ્યા હતા. ચૂંટણી પંચ સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણીની ખાતરી કરવા માટે તમામ મતદાન કેન્દ્રો પર સીસીટીવી અને ઓફલાઈન વિડિયોગ્રાફી કરવામાં આવી હતી. ભાજપે નાગા પીપલ્સ ફ્રન્ટના નેતૃત્વમાં ડેમોક્રેટિક અલાયન્સ ઓફ નાગાલેન્ડ સાથે પોતાના ૧૫ વર્ષ જુના સંબંધને તોડી લીધા હતા. ભાજપે તેની સાથે સંબંધ તોડીને હાલમાં જ રચવામાં આવેલા નેશનલ ડેમોક્રેટિક પોલિટિકલ પાર્ટી સાથે હાથ મિલાવ્યા હતા. રાજ્ય વિધાનસભામાં ૬૦ સીટો છે. એનપીએફે ૫૮ સીટો પર પોતાના ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા હતા. આજે તમામ ઉમેદવારોના ભાવિનો ફેંસલો થયો હતો. નેશનલ પીપલ્સ પાર્ટીએ એનપીએફ સાથે ચૂંટણી પૂર્વે ગઠબંધન કર્યુ હતુ. નાગાલેન્ડમાં છેલ્લા બે વર્ષોમાં નેતૃત્વનુ સંકટ સર્જાઇ ગયુ હતુ. સ્થાનિક મુદ્દા ચમક્યા બાદ હવે લોકો કોને તક આપે છે તે બાબત ઉપયોગી રહેશે. ત્રિપુરામાં ૬૦ વિધાનસભા પૈકી ૫૯ સીટ માટે શાંતિપૂર્ણ વાતાવરણમાં ઉંચુ મતદાન થયુ હતુ. મતદાન પૂર્ણ થયા બાદ ૭૪ ટકાથી પણ ઉંચુ મતદાન થયું હોવાની ચૂંટણી પંચે વાત કરતા ડાબેરીઓ અને ભાજપમાં અટકળોનો દોર શરૂ થયો હતો. ડાબેરીઓ છેલ્લા ૨૫ વર્ષથી સત્તા પર છે. મતદાન શરૂ થયા બાદ મેઘાલયમાં ૩૭૦ ઉમેદવારના ભાવિ ઈવીએમમાં સીલ થઇ ગયા હતા.આજે મતગણતરી શરૂ થઇ હતી. મેઘાલયમાં ૩૦૮૩ મતદાન મથકો પર ૧૮.૪ લાખ મતદારો નોંધાયા હતા જે પૈકી ૬૭ ટકા મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. આ વખતે ૬૭ ઓલ વુમન પોલિંગ સ્ટેશન ઉભા કરવામાં આવ્યા હતા. ૬૧ મોડલ પોલિંગ સ્ટેશન પ્રથમ વખત ઉભા કરવામાં આવ્યા હતા. ચૂંટણી મેદાનમાં ૩૨ મહિલાઓ હતી.

## ધૂળેટી રમ્યા બાદ તાપીમાં ન્હાવા પડેલ ૩ યુવકના મોત

સુરત,

માંડવીના બોધના ગામેથી પસાર થતી તાપી નદીમાં ડુબી જવાના કારણે ત્રણ યુવકોના મોત થયા છે. આ ત્રણેય યુવકો ધૂળેટી રમ્યા બાદ નદીમાં ન્હાવા પડ્યા હતા.ત્રણેયના મૃતદેહ નદીમાંથી બહાર કાઢવા ફાયરબ્રિગેડે ભારે જહેમત ઉઠાવવી પડી હતી. મળતી માહિતી મુજબ માંડવી નજીક આવેલ બોધના ગામે આ ધૂળેટીના તહેવારની રંગે ચંગે ઉજવણી કરાઈ રહી હતી. ધૂળેટી રમ્યા બાદ બપોરે ગામના યુવકો તાપી નદીમાં ન્હાવા પડ્યા હતા. જેમાંથી ત્રણ યુવકો તણાયા હોવાની માહિતી બાદ ફાયરબ્રિગેડે શોધખોળ હાથ ધરી હતી. ત્યારે ભારે જહેમત બાદ ફાયરબ્રિગેડના જવાનોને ત્રણેય યુવકોના માત્ર મૃતદેહ જ હાથમાં આવ્યા હતા. આ ત્રણ યુવકો મૂળ મહારાષ્ટ્રના હતા અને સુરતના કિમ ખાતે રહીને સ્થાનિક કારખાનામાં મજુરી કામ કરતા હતા. માંડવી પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## કાળી ગામ આસપાસ ક્ષેત્રમાં પ્રદૂષણથી સ્થાનિક લોકો હેરાન

અમદાવાદ,

અમદાવાદ મહાનગરપાલિકાની અણઆવડત અને બેદરકારી એ જાણે કોઈ નવાઈની વાત નથી રહી. છેલ્લા ૧૧ વર્ષથી મહાનગરપાલિકાની હદમાં સામેલ થયેલ કાળીગામ પ્રાથમિક સુવિધા માટે પણ તરસી રહ્યુ છે. તેમજ ગામની આસપાસ ફેલાયેલા પ્રદૂષણને કારણે અહીંના લોકોની જીંદગી જાણે કે નર્કાગાર બની ગઈ હોય તેમ લાગી રહ્યુ છે. અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં આવેલ કાળીગામમાં રેલવેનુ ગરનાળુ લોકો માટે નર્કનુ નાળુ બની ગયુ છે. મહાનગરપાલિકાના સત્તાધીશોના અણઘઢ વહિવટના પાપે અહીંના સ્થાનિકો દરરોજ બદથી પણ બદતર જિંદગી જીવી રહ્યા છે. કાળી ગામનુ રેલવે ગરનાળુ બારેમાસ ગંદા પાણીથી ઉભરાય છે, જેના કારણે સ્થાનિક લોકો બિમારીનો પણ ભોગ બને છે.તેમજ આસપાસના વિસ્તાર સાબરમતી, રાણીપ, ચાંદલોડિયાના નાગરીકોને પણ અવર જવર કરવા માટે મુશ્કેલીનો સામનો કરવો પડે છે અને ૧૦ કિલોમીટર ફરીને જવુ પડે છે. સમગ્ર વિસ્તારમાં ગટરના દુર્ગંધ મારતા પાણીને કારણે લોકોના આરોગ્ય સામે પણ જોખમ ઉભુ થયુ છે. કાળી ગામના નાગરીકો દ્વારા કોર્પોરેશનને પૂરેપુરો ટેક્સ પણ આપવામાં આવે છે ત્યારે કાળી ગામના નાગરીકો સાથે મહાનગરપાલિકાના સત્તાધીશો કેમ ઓરમાયુ વર્તન કરી રહ્યા છે તે પ્રશ્ન સ્થાનિકો કરી રહ્યા છે. બીજીબાજુ સત્તાધીશો પણ રાબેતા મુજબ ગંદકી અને પ્રદૂષણ દૂર કરવાની માત્ર ખાતરી જ આપી રહ્યા છે, સરકાર સ્વચ્છ ભારત અભિયાન કરી રહી છે જોકે કાળીગામ જેવા કેટલાક વિસ્તારમાં કોઈપણ સ્વચ્છ ભારત અભિયાનની કામગીરી થઈ નથી.

## કિશોરી સાથે ચાર મિત્રોએ ૪ મહિના સુધી આચર્યુ દુષ્કર્મ

સુરત,

નાનપુરા ટીમલીયાવાડ ખાતે રહેતી ૧૫ વર્ષીય તરુણી પર ચાર મિત્રોએ દુષ્કર્મ ગુજાર્યાની ઘટના સામે આવતા સમગ્ર પંથકમાં ખળભળાટ મચી ગયો છે. ધોરણ:૯માં અભ્યાસ કરતી તરુણીને એક યુવક સાથે આંખ મળ્યા બાદ તેના મિત્રોએ પણ ચાર મહિના સુધી તેનો ફાયદો ઉઠાવી તેની સાથે દુષ્કર્મ આચર્યુ હતું. લગ્નની લાલચે આચરેલા દુષ્કર્મ બાદ તરુણીની માતાને આ અંગે જાણ થતા સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો અને પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો. પોલીસે આ મામલે દુષ્કર્મની ફરીયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, નાનપુરા ટીમલીયાવાડ ખાતે રહેતી ધો-૯માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીના પિતા હયાત નથી. તેણી માતા તથા બે ભાઈઓ સાથે રહે છે. ત્યારે ચારેક મહિના પહેલા વિદ્યાર્થીની સાયણ ખાતે રહેતી માસી પાસે જતી રહી હતી. ત્યાં તે કરણ નામના યુવકના પરિચયમાં આવી હતી અને તેની સાથે શારીરિક સંબંધો બંધાયા હતા. બાદમાં કરણના અન્ય ત્રણ મિત્રો ભાવેશ, લાલુ અને રમાકાંતે પણ વિદ્યાર્થીનીની સાથે સંબંધો બાંધ્યા હતા. રમાકાંત નામના મોટી ઉંમરના આરોપીએ વિદ્યાર્થીનીને અઢી મહિના સુધી પોતાની પાસે રાખી હતી. લગ્નની લાલચ આપીને રમાકાંતે તેની સાથે દુષ્કર્મ આચર્યુ હતું. આ સાથે કરણ લાલુ અને ભાવેશ પણ તરુણી સાથે અવાર નવાર દુષ્કર્મ આચરતા. થોડાક મહિના બાદ તરુણી પોતાના ઘરે પરત ફરી હતી અને સમગ્ર ઘટના અંગે તેની માતાને જાણ કરી હતી. જેથી માતા અને તરુણીએ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં નરાધમો સામે ફરીયાદ નોંધાવી હતી.

જન ફરિયાદ
તંત્રી : પ્રદિપ રાવલ
મેનેજિંગ તંત્રી : મિનાક્ષી રાવલ

**ગાંધીનગર મુખ્ય કાર્યાલય**
બ્લોક - ૬૭૭/૨, 'ઘ' ટાઈપ, સેકટર-૮, ગાંધીનગર
ફોન : +91-79-23238022
ફેક્સ : +91-79-23238022
મો. : +91- 9537656922
મો. : +91- 98246 53073

ગાંધીનગર શહેર, જિલ્લા તેમજ અમદાવાદ શહેર અને જિલ્લાના સમાચારો જાહેરખબર તેમજ કોપી મેળવવા ગાંધીનગર તથા અમદાવાદ કાર્યાલયની મુલાકાત લેવી.

**એડીટોરીયલ ચીફ : બકુલ એ. રાવલ**

**અમદાવાદ મુખ્ય કાર્યાલય**
૨૧, અનંત એપાર્ટમેન્ટ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાસે, માનવમંદિર, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨.
(મો) ૯૮૨૪૦ ૯૬૨૫૦

સહતંત્રી : **નિલેશભાઈ રાવલ**
૨૫૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર, અમદાવાદ-૩૮૦૦૦૧
(મો) ૯૩૨૭૦ ૮૫૫૨૪

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩ ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ૨૫૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર, અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યુ.

'જન ફરિયાદ'માં પ્રસિદ્ધ થતાં તમામ સમાચારો, ફરિયાદો, કોઈપણ જાતના પૂર્વગ્રહ કે દ્વેષબુદ્ધિ વગર માત્ર જ છાપવામાં આવે છે. તેમ છતાં પ્રગટ થયેલ લખાણમાં હકીકત દોષ કે ખરેખર અન્યાય થયો હોય તો લાગતા વળગતાઓએ પુરાવા સાથે ધ્યાન દોરવું જેથી યોગ્ય કરવામાં આવશે. પ્રતિનિધિઓને કે કોઈપણ વ્યક્તિએ પુરાવા સાથે ફરિયાદો કે સમાચાર મોકલવાના રહેશે. તે વગર છપાશે નહિ. પ્રસિદ્ધ થયેલ સમાચાર ફરિયાદો વગેરે માટે લખનાર જવાબદાર ગણાશે અને જનફરિયાદ કોઈપણ રીતે જવાબદાર નથી. કોઈપણ જાતના વાદવિવાદ, તકરાર કે કાયદાકીય ગૂંચ માટેનું કાર્યક્ષેત્ર અમદાવાદની કોર્ટ રહેશે. - તંત્રી

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001